# સુધારા જાહેરાત તથા અગત્યની સુચના (જાહેરાત ક્રમાંકઃ FOREST/201819/1)

અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના નિયંત્રણ હેઠળ જુદા-જુદા જિલ્લાની વિભાગીય કચેરીઓની વનરક્ષક સંવર્ગ, વર્ગ-૩ની જગ્યાઓ પર નિમણૂંક માટે ઉમેદવારો પસંદ કરવા સંદર્ભમાં કુલ-૩૩૪ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા ઓનલાઇન મૂળ જાહેરાત ક્રમાંકઃ FOREST/201819/1 ના રોજ તા.૦૬-૧૧-૨૦૧૮ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. જેમાં (૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૩-૦૧-૨૦૧૯ ના ઠરાવ નં.EWS/122019/45903/A, (૨) તા.૦૬-૦૨-૨૦૧૯ ના પરિપત્ર ક્રમાંકઃપરચ/૧૦૨૦૧૯/૨૮૯૭૧/ગ-૨ (૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫-૦૬-૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃપવસ/૧૦૨૦૧૯/૨૨૩/ગ-૪ ના ઠરાવની સુચનાઓ ધ્યાને લઇને જે ઉમેદવારોએ જે તે વખતે સામાન્ય કેટેગરીમાં ઉમેદવારી નોંધાવેલ હોય અને હાલ આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો તરીકે પોતાની ઉમેદવારી બદલાવવા માંગતા હોય તેના માટે ઓનલાઇન અરજી પત્રકો રજીસ્ટ્રેશન માટે ઉક્ત જાહેરાતમાં Window Open કરવામાં આવે છે તથા કેટેગરી વાઈઝ જગ્યાઓની સંખ્યામા નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

(વેબસાઇટ એડ્રેસઃ https://ojas.gujarat.gov.in)

| વન વિભાગ/ જિલ્લાનું નામ | સીધી ભરતીથી ભરવાની કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહીલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | માજી સૈનિકો માટે અનામત જગ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અનુસુચિત જાતિ | અનુસુચિત જન જાતિ | સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ | આર્થિક રીતે નબળા (EWS) | બિન અનામત | અનુસુચિત જાતિ | અનુસુચિત જન જાતિ | સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ | આર્થિક રીતે નબળા (EWS) | બિન અનામત | |
| અમદાવાદ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| અમરેલી | ૧૦ | ૦ | ૦ | ૩ | ૧ | ૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| અરવલ્લી | ૪ | ૨ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| આણંદ | ૩ | ૦ | ૦ | ૧ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કચ્છ | ૨૪ | ૮ | ૦ | ૧ | ૨ | ૧૩ | ૨ | ૦ | ૦ | ૦ | ૪ | ૨ |
| ગાંધીનગર | ૪ | ૨ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ગીર સોમનાથ | ૫ | ૧ | ૦ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| છોટાઉદેપુર | ૨૯ | ૩ | ૦ | ૭ | ૨ | ૧૭ | ૦ | ૦ | ૨ | ૦ | ૫ | ૨ |
| જામનગર | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| જુનાગઢ | ૩૪ | ૬ | ૦ | ૯ | ૩ | ૧૬ | ૧ | ૦ | ૨ | ૦ | ૫ | ૩ |
| ડાંગ | ૨૩ | ૦ | ૫ | ૨ | ૨ | ૧૪ | ૦ | ૧ | ૦ | ૦ | ૪ | ૨ |
| તાપી | ૩૨ | ૩ | ૧૨ | ૧૬ | ૦ | ૧ | ૦ | ૩ | ૫ | ૦ | ૦ | ૩ |
| દાહોદ | ૧૩ | ૩ | ૬ | ૪ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ |
| દેવભૂમિ દ્વારકા | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ખેડા | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| નર્મદા | ૧૫ | ૨ | ૨ | ૦ | ૧ | ૧૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૧ |
| નવસારી | ૨ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| પંચમહાલ | ૮ | ૦ | ૩ | ૪ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| પાટણ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| પોરબંદર | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| બનાસકાંઠા | ૫ | ૦ | ૦ | ૨ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| બોટાદ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

| વન વિભાગ/ જિલ્લાનું નામ | સીધી ભરતીથી ભરવાની કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહીલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | માજી સૈનિકો માટે અનામત જગ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અનુસુચિત જાતિ | અનુસુચિત જન જાતિ | સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ | આર્થિક રીતે નબળા (EWS) | બિન અનામત | અનુસુચિત જાતિ | અનુસુચિત જન જાતિ | સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ | આર્થિક રીતે નબળા (EWS) | બિન અનામત | |
| ભરૂચ | ૧૭ | ૧ | ૮ | ૬ | ૧ | ૧ | ૦ | ૨ | ૧ | ૦ | ૦ | ૧ |
| મહિસાગર | ૧૫ | ૧ | ૬ | ૨ | ૧ | ૫ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ |
| રાજકોટ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| વડોદરા | ૧૬ | ૧ | ૫ | ૩ | ૧ | ૬ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ |
| વલસાડ | ૨૪ | ૧ | ૭ | ૩ | ૨ | ૧૧ | ૦ | ૨ | ૦ | ૦ | ૩ | ૨ |
| સાબરકાંઠા | ૧૮ | ૦ | ૪ | ૦ | ૧ | ૧૩ | ૦ | ૧ | ૦ | ૦ | ૪ | ૧ |
| સુરત | ૧૧ | ૦ | ૭ | ૩ | ૦ | ૧ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ |
| સુરેન્દ્રનગર | ૭ | ૩ | ૦ | ૧ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ | ૩૩૪ | ૪૧ | ૬૭ | ૭૨ | ૧૭ | ૧૩૭ | ૩ | ૧૪ | ૧૩ | ૦ | ૩૧ | ૨૨ |

નોંધઃ- (૧) જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની સંખ્યામાં વધઘટ થવાની શક્યતા રહેશે.

(૧) અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના નિયંત્રણ હેઠળ જુદા-જુદા જિલ્લાની વિભાગીય કચેરીઓની વનરક્ષક સંવર્ગ, વર્ગ-૩ની જગ્યાઓ કેટેગરી વાઈઝ કુલ-૩૩૪ (ત્રણસો ચોત્રીસ) જગ્યાઓ સીધી ભરતીથી ભરવા મૂળ જાહેરાત ક્રમાંકઃFOREST/201819/1, તા.૦૬-૧૧-૨૦૧૮ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી અને તે અન્વયે સ્પર્ધાત્મક/ શારીરિક ક્ષમતા કસોટી પરીક્ષા યોજીને મેરીટના ધોરણે પસંદગી યાદી - પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી OJAS ની વેબસાઇટ ઉપર ઓનલાઇન અરજી પત્રકો મંગાવવામાં આવેલ હતા.

(૨) સરકારશ્રીના; (૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૩-૦૧-૨૦૧૯ ના ઠરાવ નં.EWS/122019/45903/A, (૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૬-૦૨-૨૦૧૯ ના પરિપત્ર ક્રમાંકઃપરચ/૧૦૨૦૧૯/૨૮૬૭૧/ગ-૨ (૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫-૦૬-૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃપવસ/૧૦૨૦૧૯/૨૨૩/ગ-૪ થી આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Sections) ના નાગરીકો/ વ્યક્તિઓ માટે સેવા/ જગ્યાઓ માટે જગ્યાઓ પર નિમણુંકોમાં ૧૦ % જગ્યાઓ અનામત સંબંધેની જોગવાઇઓ-સુચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે.

(૩) ઉપરોકત પેરા-૨ ની વિગતે સરકારશ્રીની પ્રવર્તમાન સુચનાઓ અનુસાર ઉકત પેરા-૧ ની વિગતેની મૂળ ક્રમાંકઃFOREST/201819/1 ની જાહેરાતમાં સામાન્ય કેટેગરીના ઉમેદવારો અગાઉ ઉમેદવારી નોંધાવેલ હોય તથા હાલ આર્થિક રીતે નબળા વર્ગનો લાભ મળવાપાત્ર હોય તથા તેનો લાભ લેવા માંગતાં હોય તેવા ઉમેદવારો પાસેથી NIC ની OJAS વેબસાઇટ ઉપર ઓનલાઇન સુધારા અરજીપત્રકો મંગાવવામાં આવે છે.

(૪) સબબ, મૂળ જાહેરાતમાં જે ઉમેદવારોએ જનરલ (સામાન્ય) કેટેગરીમાં અરજી કરી છે અને જે ઉમેદવારોને આર્થિક રીતે નબળા વર્ગના અનામતનો લાભ મળવા પાત્ર નથી તેવા ઉમેદવારોએ મૂળ અરજીમાં સુધારો કરવાનો રહેશે નહી. મૂળ જાહેરાતમાં જે ઉમેદવારોએ જનરલ કેટેગરીમાં અરજી કરેલ છે, પરંતુ હવે તેઓ આર્થિક રીતે નબળા વર્ગના અનામતનો લાભ લેવા માંગે છે. ફકત તેઓએ EWS કેટેગરી માટે સુધારાં અરજી કરવાની રહેશે. આ ઉમેદવારો https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર તા.૧૬/૦૨/ ૨૦૨૨ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા.૨૫/૦૨/૨૦૨૨ (સમય રાત્રીના ૨૩:૫૯ કલાક) દરમિયાન ઓનલાઇન સુધારા અરજી કરવાની રહેશે.

(૫) આર્થિક રીતે નબળા વર્ગ (EWS) ના ઉમેદવારોએ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫-૦૧-૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃઇડબ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, ની જોગવાઇ મુજબ થી નિયત થયેલ નમુના (અંગ્રેજીમાં એનેક્ષર - KH (Certificate for Economically Weaker Sections) અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ (આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર)) નંબર અને તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સબંધિત જાહેરાત માટે ઓનલાઇન સુધારા અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇસ્યુ કરાયેલ હોવું જોઇએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમ્યાન ઈસ્યુ થયેલ હશે તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૬) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૧૩-૦૯-૨૦૧૯ અને ઠરાવ ક્રમાંકઃઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૨૬-૦૬-૨૦૨૦ ની જોગવાઇ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ (issue) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે પરંતુ ઇસ્યુ થયેલ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) પ્રમાણપત્રની વધારેલ અવધિનો લાભ લેવા માટે ઉમેદવારે તેના કુટુંબની આવકમાં વધારો થયો નથી અને રાજ્ય સરકારના અનામતના હેતુ માટે નક્કી થયેલા પાત્રતાના માપદંડ મુજબ લાયક ઠરે છે તેવી બાંહેધરી ઉક્ત ઠરાવ સાથેના પરિશિષ્ટથી નિયત કર્યા મુજબના નમુનામાં આપવાની રહેશે. જયારે આ પ્રમાણપત્ર માંગવામાં આવે તે સમયે ઉમેદવારે પ્રમાણપત્રની સાથે આ બાંહેધરી રજુ કરવાની રહેશે. બાંહેધરીનો નિયત નમુનો સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની વેબસાઇટ https://sje.gujarat.gov.in/resolutions પરથી મળી શકશે. આ જોગવાઇઓની દુરપયોગ બદલ અનામતનો લાભ રદ થવા પાત્ર છે અને ઉમેદવાર કાયદેસરની કાર્યવાહીને પાત્ર બને છે જેથી વધારેલ અવધિનો લાભ લેતા અગાઉ ઉમેદવાર ઉકત ઠરાવની તમામ જોગવાઇઓનો અભ્યાસ કરી લેવા જણાવવામાં આવે છે.

(૭) મૂળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગો (EWS) ના ઉમેવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળવાપાત્ર છે.

(૮) જાહેરાત ક્રમાંકઃ FOREST/201819/1ની ઉપરના સુધારા સિવાયની અન્ય તમામ બાબતો યથાવત રહેશે.

(૯) વધુ વિગતો માટે https://ojas.gujarat.gov.in અને વન વિભાગની https://forests.gujarat.gov.in વેબસાઇટ ઉપર વખતો-વખત જોતા રહેવા વિનંતી છે.

અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
વહીવટ અને આઇ.ટી.
ગુજરાત રાજય, ગાંધીનગર

તારીખઃ ૧૫/૦૨/૨૦૨૨
સ્થળઃ- ગાંધીનગર